

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બંધારણના ખપે હક સૌને ફરજમાં મીંડાં છે,*
*વફાદારી નથી દેશ પ્રત્યેને કર્તવ્યમાં છીંડાં છે*
*ઊંડાં છે મૂળ આળસનાં - કામમાં બેજવાબદારી -*
*નથી દેશપ્રેમ દિલે, કૌભાંડે-ખાયકીમાં રીઢા છે*

### હાઈકુ

*માગે સૌ હક,*
*ફર્જ બજાવ્યા વિના -*
*કોર્ટની ઢાલે...*

*બંધાવું નથી !*
*બંધારણના ખીલે -*
*પૈંધાં પશુને...*

### ચિંતન

**કહતા હું કહ જાત હું, કહું બજાવત ઢોલ,**
**એક શ્વાસ જો જાત હૈ, ચૌદ લોક કા મોલ.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર જીવને સંબોધીને કહે છે કે હે જીવ! તને આટઆટલું સમજાવીને અરે ઢોલ વગાડીને કહું છું અને કહેતો જ રહું છું કે તમારા શ્વાસની કિંમત સમજો. તમારા એક શ્વાસની કિંમત ચૌદ લોકની બરાબર છે. માટે શ્વાસે શ્વાસે પરમાત્માનું સ્મરણ કરતા રહો. એક પણ શ્વાસ વ્યર્થ વિતાવશો નહીં! આમ શ્વાસનું મહત્ત્વ અને કિંમત સમજાવતાં કબીર કહે છે કે આ શ્વાસનો શું વિશ્વાસ ?

શ્વાસ એ જ તો જીવન છે. શ્વાસ નહીં હોય તો જીવન જ ક્યાંથી હશે ? માટે જ જે અમૂલ્ય માનવ દેહ મળ્યો છે તેને જીવન પર્યં પરમાત્માનું સ્મરણ કરી મોક્ષ પ્રાપ્ત કરી જીવનને સાર્થક કરી લો.

### સુવિચાર

- મજબૂત હોને કા મજા હી તબ હૈ, જબ સારી દુનિયા કમજોર કર દેને પર તુલી હો - **ઓશો**
- જિંદગી જે શેષ બચી છે એને જ વિશેષ બનાવવાની છે બાકી અવશેષ તો એ ચોક્કસ બનાવાની જ છે - **પ્રેમ સુમેસરા**
- 'જિંદગી' ગમે ત્યાંથી ગમે ત્યો શરૂ કરી શકાય, કાટ હથિયારોને લાગે 'ઈરાદાઓ'ને નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકો શું કહેશે એવું વિચારીને જીવતા હો તો પછી ઈશ્વર શું કહેશે એનો પણ વિચાર અવશ્ય કરજો - **મોરારિ બાપુ**
- ભલાઈ કરતા રહો વહેતા પાણીની જેમ... બુરાઈ આપોઆપ કિનારે જશે કચરાની જેમ... - **એસ. ભટ્ટાચાર્ય**
- પૈસાથી અમીર બનવા કરતાં સંબંધથી અને દિલથી અમીર બનજો... ક્યારેય લાઈનમાં ઊભું રહેવું નહીં પડે - **મૃગાંક શાહ**
- આજનું ઔષધ : વિકળાના પાન ચાવીને ખાવાથી કમળામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ખ્યાનનામ ચિત્રકાર હતો. એના ચિત્રો પ્રદર્શનો યોજાય. લાખોમાં એના ચિત્રો વેચાય. પ્રેમાળ પત્ની, પેસા, સુખ-સાહ્યબી સાથે સર્જકતાનો સંતોષ તેની મૂડી હતી. અચાનક જાણે કાળનો હુમલો એવો થયો કે - કારમાં વરસાદી સાંજે પાછા આવતા ચિત્રકારને અકસ્માત થયો. ચિત્રકારને હાથમાં ગંભીર ઈજા એવી થઈ કે ડૉકટરને ચિત્રકારના બને હાથ કાપવા પડ્યા. ચિત્રકારની પત્ની તો દુ:ખના માર્યા પાગલ જેવા થઈ ગયા. તેમને થયું, 'હવે તેઓ ચિત્ર કઈ રીતે દોરશે?' શ્વાસ લેશે પણ જીવી નહીં શકે !!'' આ સાંભળીને ચિત્રકારને શું થશે. તેની સૌ સગાવહાલાં ચિંતા કરવા લાગ્યા સૌને એમ કે યુવાન ચિત્રકાર ભાંગી પડશે. પણ ચિત્રકારે જવાબમાં કહ્યું, 'ઠીક છે... મારા હાથ વગર પીંછીં અને રંગની દોસ્તી તૂટશે... સ્વીકારી લઈશ.' સાજા થઈ ઘરે પહોંચ્યા ત્યારે તેમના પત્નીએ રંગો, પીંછીઓ કેનવાસ હટાવી દીધા. ત્યારે યુવાને કહ્યું, 'હું ભવિષ્યમાં ચિત્ર દોરતો થઈશ, શ્રદ્ધા રાખો.' ચિત્રકારે સંગીત શિક્ષકને બોલાવી સંગીત શીખવવાનું શરૂ કર્યું. બે વર્ષ વિત્યા. સંગીતના સૂરોમાંથી પ્રેરણા લઈ ચિત્રકારે મોઢામાં પીંછી પકડી સંગીતના સૂરોને જાણે કેન્વાસ પર રજૂ કરતો હોય તેમ ચિત્ર દોરવા શરૂ કર્યા. અકસ્માતમાં હાથ ગુમાવ્યા છતાં ચિત્રકારના નવા નવાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું.

# ભાજપ માટે સાધ્વી પ્રજ્ઞા શિરોવેદના સમાન

**તંત્રીસ્થાનેથી...**

ભોપાલની પ્રતિષ્ઠાની બેઠક પરથી ચૂંટણી લડવા લાલાયિત લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતાને એમની પરંપરાગત ગાંધીનગરની બેઠક પરથી જ ચૂંટણી લડવાની ફરજ પડાઈ હતી એ ભૂતકાળ હવે વિસરાઈ ચૂક્યો છે. આ સલામત બેઠક એમના માટે સલામત ગણાતી રહી છે કે ત્યાં પૂર્વે નવાબનું શાસન હતું એટલે હિંદુ-મુસલમાન મતદાતાઓને સહેલાઈથી સામસામા લાવી શકાય છે. સાધ્વી પ્રજ્ઞા ઠાકુર તો જામીન પર છૂટેલાં માલેગાંવ બ્લાસ્ટનાં આરોપી છે. પરંતુ ભારતીય જનતા પાર્ટી આવા કટ્ટર હિંદુત્વના નમૂનાઓને ઉમેદવારી કરાવી દેશની બહુમતી પ્રજા તરફ પોતાનો ગર્ભિત એજન્ડા 'હિંદુ રાષ્ટ્ર' ની સંઘ વિભાવનાનો મેસેજ મોકલવા માગતી હતી એટલે વિવાદાસ્પદ વિધાનો માટે જાણીતા ગંદાગોબરા સાક્ષી મહારાજથી લઈ સાધ્વી પ્રજ્ઞા સુધીના ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં એણે છોછ નહી અનુભવ્યો. વિધાનસભાના સદસ્ય નહીં હોવા છતાં યોગી આદિત્યનાથને ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા અને મહત્ત્વના રાજયનું સુકાન સોંપીને પાર્ટી એ જ છૂપો એજન્ડા રજૂ કરવા માગતી હતી એ હવે કોઈથી અજાણ્યું નથી રહ્યું. સાધ્વીએ ચૂંટણી પ્રચાર દરમિયાન જ એમના પ્રદૂષિત માનસની દુર્ગંધ રમતી મૂકી દીધી હતી. ગોડસેને દેશભક્ત કહેવા અને ગાંધીહત્યાને વાજબી ઠેરવવી તે આવા કટ્ટરવાદી તત્ત્વોની 'દેશભક્તિ' છે. એવા વિધાનોથી ચૂંટણીસભામાં હાજર અબુધ પ્રજાએ જરૂર તાળીઓ પાડી હશે પરંતુ દેશના બંધારણથી તદ્દન વિપરિત રાષ્ટ્રપિતા તરીકે સર્વમાન્ય મહાત્મા ગાંધીની હત્યા કરનારની પ્રશસ્તિ કરવા બદલ પ્રજ્ઞા ઠાકુરને ખુદ એમની જ પાર્ટીના વડેરાઓએ માફી માગવા મજબૂર કરવાં પડ્યાં હતા. અલબત્ત, આ એક પ્રકારનો દંભ જ હતો, નહીંતર એક બેઠક ઓછી થઈ જવાથી ભાજપની પ્રચંડ બહુમતીમાં બહુ ફેર નહોતો પડી જવાનો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાધ્વીને પોતે મનથી ક્યારેય માફ નહીં કરી શકે એવું નિવેદન આપીને દેશના બૌદ્ધિકો અને ગાંધીવાદીઓની સહાનુભૂતિ તો અંકે કરી લીધી પરંતુ સાધ્વીને સંસદમાંથી દૂર કરવાની કે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાની અથવા એમની વિરુદ્ધ ન્યાયિક કાર્યવાહી શરૂ કરવાની કોઈ જ તજવીજ ન કરી. હવે ફરી એકવાર સાધ્વીએ સંસદમાં જ ડીએમકેના સાંસદ એ. રાજાના ભાષણ વચ્ચે ગોડસેની વકીલાત કરી એને 'દેશભક્ત' નું વણમાગ્યું પ્રમાણપત્ર આપી પોત પ્રકાશ્યું છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં જરા પણ શેહશરમ બચી હોય અને ગાંધીજી પ્રત્યે ખરેખર સન્માન હોય તો એણે તત્કાળ પગલાં લઈ સાધ્વીને પાર્ટીમાંથીદૂર કરી એનું સાંસદ પદ છીનવાઈ જાય એવી કાર્યવાહી કરવી જોઈએ. કટ્ટર હિંદુત્વના પુરસ્કર્તા બાળાસાહેબ ઠાકરેના પક્ષ સાથે સાંઠગાંઠ રચીને સત્તામાં ભાગીદાર કરનાર કોંગ્રેસ કે શરદ પવારના નેતૃત્વવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ઊહાપોહ કરે છે ત્યારે હાસ્યાસ્પદ લાગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાસદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે હાલ શિરોવેદના બની રહેલ સાધ્વીની હકાલપટ્ટી એમને વિશ્વ સમક્ષ મૂઠી ઊંચેરી પ્રતિષ્ઠા આપી શકે એમ છે, પણ હિંદુત્વના પ્રતીક સમાં સાધ્વી સામે આવું આકરું પગલું ભરવાની હિંમત એ દાખવી શકશે ખરાં ?

# શબ્દ પ્રયોગો - અશુદ્ધિ, ખોટા

લોક વ્યવહારમાં કેટલાક શબ્દો ખોટા છે, અશુદ્ધિ છે; એ રૂઢ થઈ ગયા છે. આવા શબ્દો (૧) બોલાય છે (૨) લખાય છે (૩) છપાય છે (૪) વંચાય છે.

(૧) સુસ્વાગતમ્ નહિ - સ્વાગતમ્
(૨) તજજ્ઞ નહિ - તજ્જ્ઞ
(૩) બેન કે બ્હેન નહિ - બહેન
(૪) દરમ્યાન નહિ - દરમિયાન
(૫) મહત્વ નહિ - મહત્ત્વ
(૬) પ્રિયવંદા નહિ - પ્રિયંવદા
(૭)શંકુતલા નહિ - શકુન્તલા અથવા શકુંતલા
(૮) ઘટોરગચ્છ નહિ - ગટોત્કચ
(૯) અશ્વસ્થામા નહિ - અશ્વસ્થામા
(૧૦) ભર્તુહરિ નહિ - ભર્તૃહરિ
(૧૧) ૐ સહનાવવસ્તુ નહિ - ૐ સહના વ વતુ
(૧૨) ૐ સહનૌભુનસ્તુ નહિ - ૐ સહ નૌ ભુનક્તુ
(૧૩) યોગા નહિ - યોગ
(૧૪) ક્રિષ્ના નહિ - કૃષ્ણા
(૧૫) ભાગવતગીતા નહિ - ભગવદ્ગીતા
(૧૬) અવિછિન્ન નહિ - અવિચ્છિન્ન
(૧૭) મે'રબાન નહિ - મહેરબાન
(૧૮) રુક્ષ્મણી નહિ - રુકિમણી
(૧૯) રાહુલ સાંસ્કૃતાયન નહિ - રાહુલ સાંકૃત્યાયન
(૨૦) સંસ્કીત નહિ - સંસ્કૃત
(૨૧) પ્રધમન નહિ - પ્રદ્યુમ્ન
(૨૨) ત્વમેવ વિધા દ્રવિણોમ્ નહિ - ત્વમેવ વિદ્યા દ્રવિણમ્
(૨૩) આર્થર મેકડોનાલ્ડ નહિ - આર્થર મેકડોનલ
(૨૪) અગત્સ્ય નહિ - અગસ્ત્ય
(૨૫) ગોવિન્દ કેશવ ભટ્ટ નહિ - ગોવિન્દ કેશવ ભટ
(૨૬) શ્રીમાન્ અને શ્રીમતિ નહિ - શ્રીમાન અને શ્રીમતી
(૨૭) વક્રં વિલોક્ય સહસા નહિ - વક્ત્રં વિલોક્ય સહસા
(૨૮) જુગદંબે નહિ - જગદંબે
(૨૯) અશ્વીનીકુમાર નહિ - અશ્વિનીકુમાર
(૩૦) આલ્વાર સંતો નહિ - આળવાર સંતો
(૩૧) જલ્દી નહિ - જલદી
(૩૨) દ્દષ્ટાંત નહિ - દ્દષ્ટાન્ત
(૩૩) ડૂસ્કું નહિ - ડૂસકું
(૩૪) વૈદરાજ નહિ - વૈદ્યરાજ
(૩૫) અંજળપાણી નહિ - અંજળ
(૩૬) વ્હેમ નહિ - વહેમ
(૩૭) વ્હેલુ નહિ - વહેલું
(૩૮) વાલ્મિકી નહિ - વાલ્મીકી
(૩૯) સબંધ નહિ - સંબંધ
(૪૦) સાશ્વત નહિ - શાશ્વત
(૪૧) જવામર્દ નહિ - જવાંમર્દ
(૪૨) બદ્રિકેદાર નહિ - બદરિકેદાર
(૪૩) કૃષ્ણ દ્વૈમ્પાયન વ્યાસ નહિ - કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ

આ પ્રકારના અશુદ્ધ કે ખોટા શબ્દો બીજા પણ હશે. અહીં તો માત્ર થોડા જ મૂક્યા છે.



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

# વિશ્વમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ બનવાનું બહુમાન કોને જાય છે ?

## વિશ્વનો ઈતિહાસ

૧ નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ કઈ સાલમાં બન્યો ?
(અ) ઈ.સ. ૧૮૦૦ (બ) ઈ.સ. ૧૮૦૪
(ક) ઈ.સ. ૧૮૦૮ (ડ) ઈ.સ. ૧૮૧૦

૨ આધુનિક તુર્કીના નિર્માતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) મુસ્તફા કમાલ પાશા (બ) મેક્યાવલી
(ક) માર્ટિન લ્યૂથર (ડ) હેરોડોટસ

૩ 'ધ લાસ્ટ રાપર' ચિત્રના સર્જક કોણ છે ?
(અ) માઈકલ એન્જેલો (બ) રાફેલ
(ક) લિયોનાર્દો દ વિન્ચી (ડ) લાઓત્સે

૪ ઈટાલીના એકીકરણમાં કોણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી ?
(અ) હિટલરે (બ) બિસ્માર્કે
(ક) નેપોલીયને (ડ) જોસેફ મેજેની

૫ કુલ્લાખાન કયા દેશનો પ્રથમ મેગોલીયમ એમ્પરર હતો ?
(અ) જાપાન (બ) તિબેટ
(ક) ચીન (ડ) કોરિયા

૬ બીજા વિશ્વ યુદ્ધમાં કેટલા દેશો એ ભાગ લીધો હતો ?
(અ) ૪૦ (બ) ૫૫
(ક) ૬૧ (ડ) ૬૫

૭ રેનેસાંની ચળવળની શરુઆત કયા દેશમાં થઈ હતી ?
(અ) ઈટલી (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) બ્રિટન

૮ નેપોલિયનને કેદ કરી ક્યાં મોકલી દેવામાં આવ્યો હતો ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) આંદામાન-નિકોબાર
(ક) સેંટ હેલેના ટાપુ પર (ડ) ચિલી

૯ વિશ્વમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ બનવાનું બહુમાન કોને જાય છે ?
(અ) ઈંદિરા ગાંધી - ભારત (બ) બેનજીર ભૂટ્ટો - પાકિસ્તાન
(ક) શેખ હસીના - બાંગ્લાદેશ (ડ) ઈઝાબેલ માર્ટીનેઝ - આર્જેન્ટીના

૧૦ મહંમદ પયંગબરનો જન્મ કઈ સાલમાં થયો હતો?
(અ) ઈ.સ. ૫૦૦ (બ) ઈ.સ. ૫૭૦
(ક) ઈ.સ. ૫૯૦ (ડ) ઈ.સ. ૫૯૭

૧૧ 'મેડોનો' ચિત્રના સર્જક કોણ હતા ?
(અ) રાફેલ (બ) લિયોનાર્દો દ વિન્સી
(ક) માઈકલ એન્જેલો (ડ) હેરાડેટસ

૧૨ વોટલ લૂનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું, જેમાં નેપોલિયનની હાર થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૮૦૦ (બ) ઈ.સ. ૧૮૧૦
(ક) ઈ.સ. ૧૮૧૫ (ડ) ઈ.સ. ૧૮૨૦

૧૩ મેસોપોટેમીયા શબ્દ કઈ ભાષાનો છે ?
(અ) રોમન (બ) ગ્રીક
(ક) અરબી (ડ) ચીની

૧૪ પુનર્જાગરણની સૌ પ્રથમ શરુઆત યુરોપના કયા દેશમા થઈ હતી ?
(અ) ફ્રાન્સ (બ) પોર્ટુગલ
(ક) જર્મની (ડ) ઈટલી

૧૫ બોસ્ટર્ન ટી પાર્ટીની ઘટના કઈ સાલમાં બની હતી ?
(અ) ઈ.સ. ૧૭૭૬ (બ) ઈ.સ. ૧૭૮૦
(ક) ઈ.સ. ૧૭૯૨ (ડ) ઈ.સ. ૧૭૯૯



ખજાનો
અનિલ પટેલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● **૨૯ નવેમ્બર :**
- 'સેવાના સાગર' અમૃતલાલ ઠક્કરનો જન્મ દિવસ (૧૮૬૯)
- વિસ્ટન ચર્ચીલ બ્રિટનના વડાપ્રધાન તરીકે બીજીવાર ચૂંટાયા (૧૯૫૧)
- યુગોસ્લાવીયા દેશનો સ્વતંત્ર દિવસ (૧૯૫૪)
- આઈપીએલના જનક લલીત મોદીનો જન્મદિવસ (૧૯૬૫)

● **૩૦ નવેમ્બર :**
- નિર્દોષ હાસ્ય સાહિત્યના સમ્રાટ માર્ક ટ્વેઈનનો જન્મદિવસ (૧૮૩૫)
- મોરારજીભાઈ દેસાઈના પ્રધાનમંડળનાં નાણાંમંત્રી રહી ચુકેલા એચ.એમ. પટેલનો જન્મદિવસ (૧૯૦૪)
- ઉદ્યોગપતિ વિઠ્ઠલદાસ ઠાકરસીની જન્મજયંતિ (૧૮૭૩)
- મહારાષ્ટ્રના નારાયણ ગાંવમાં વિશ્વના સૌથી મોટા મીરરવેવ રેડિયો ટેલિસ્કોપ સ્થાપવામાં આવ્યું (૧૯૯૯)

● **૧ ડિસેમ્બરઃ વિશ્વ એઈડઝ દિન**
- કાકાસાહેબ કાલેલકરનો જન્મદિવસ (૧૮૮૫)
- બેનજીર ભૂટ્ટો પાકિસ્તાનના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા (૧૯૮૮)
- વિજયાલક્ષ્મી પંડિતનું નિધન (૧૯૯૦)
- નાગાલેન્ડ ભારતના રાજયોમાં સામેલ થયું (૧૯૬૨)

● **૨ ડિસેમ્બર : પ્રદૂષણ નિવારણ દિવસ / વિશ્વ કોમ્પ્યુટર સાક્ષરતા દિવસ**
- નેપોલીયન ફ્રાન્સનો સમ્રાટ બન્યો (૧૮૦૪)
- પ્રથમ ડિસ્પોઝીબલ રેજરનું પેટન્ટ થયું (૧૮૦૧)
- વી.પી. સિંહ ભારતના વડાપ્રધાન બન્યા (૧૯૯૩)
- વિશ્વનું પ્રથમ કૃત્રિમ હૃદયારોપણ અમેરિકામાં થયું (૧૯૮૨)
- ભોપાલ ગેસ દુર્ઘટનામાં ૧૫૦૦૦ લોકો માર્યા ગયા (૧૯૮૪)

● **૩ ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ**
- સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મદિવસ (૧૮૮૪)
- ગેલેલીયોએ ટેલીસ્કોપની શોધ કરી (૧૬૨૧)
- ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની શરુઆત થઈ (૧૯૭૧)
- નંદલાલ બોઝનો જન્મદિવસ (૧૮૮૩)

● **૪ ડિસેમ્બર : નૌ સેના દિન (નેવી ડે)**
- ઈતિહાસકાર થોમસ કાર્લાઈવનો જન્મદિવસ (૧૭૯૫)
- ભારતના આઠમા રાષ્ટ્રપતિ આર. વેંકટરાઘવનો જન્મદિવસ (૧૯૧૦)
- ગાંધીજીએ ગોંડલમાં જાહેર સભા સંબોધી (૧૯૧૫)
- નાશાએ મંગળ માટે પ્રથમ રોવર પ્રક્ષેપિત કર્યું (૧૯૯૬)

● **૫ ડિસેમ્બર :**
- મહર્ષિ અરવિંદ ઘોષનું નિધન (૧૯૫૦)
- ગુજરાતી નવલકથાકાર ઈચ્છારામ દેસાઈનું નિધન (૧૯૧૨)
- ટોરન્ટોમાં વિશ્વની પ્રથમ ઈલેકટ્રીક કારે ૧૫ માઈલની સફર કરી (૧૮૯૩)
- નવલકથાકાર રઘુવીર ચૌધરીની જન્મજયંતિ (૧૯૩૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**મહારાષ્ટ્રમાં હાલ ગર્વનર તરીકે કોણ સેવાઓ આપી રહ્યા છે?**

**જવાબ : ભગતસિંહ કોશિયારી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) ડૉ. બાદર કુરેશી - ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા,

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**મહારાષ્ટ્રની રાજનીતિમાં તાજેતરમાં એન.સી.પી.ના કયા નેતાએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લઈ પછી રાજીનામું આપ્યું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# અંદર કી બાત : માનો યા ના માનો

અખબારમાં સમાચાર ચમકયા છે : 'સ્કૂલમાં વિજ્ઞાનશિક્ષકે સાત વિદ્યાર્થીઓને ફૂટપટ્ટીથી ફટકાર્યા... આ ઘટનાની જાણ થતાં હોબાળો મચી ગયો... વાલીઓ શાળામાં ધસી આવ્યા....'

આ અહેવાલ વાંચી અમને એ વિજ્ઞાન શિક્ષકની ભણાવવાની પદ્ધતિ માટે માન થઈ આવ્યું. વાલીઓએ પણ હોબાળો મચાવવાના બદલે એ શિક્ષક વિરુદ્ધ પગલાં લેવાની બૂમરાડ કરવાના બદલે વિજ્ઞાન શિક્ષકના આ કાર્ય પાછળની ભાવના સમજવી જોઈએ.

એ વિજ્ઞાન શિક્ષક વિદ્યાર્થીઓને વિજ્ઞાનનો આઘાત અને પ્રત્યાઘાતનો નિયમ સમજાવવા માંગતા હતા... ને વિદ્યાર્થીઓના મગજમાં જડબેસલાક ઉતરી જાય માટે પ્રેક્ટિકલ કરી ભણાવી રહ્યા હતા. ફૂટપટ્ટીનો માર એ આઘાત છે... વિદ્યાર્થીઓની 'ઓહ.. આહ... નો સર...' એવી ચીસો પેલા આઘાતનો પ્રત્યાગાત છે... વળી, દરેક પદાર્થની આઘાત સહન કરવાની અને પ્રત્યાઘાત આપવાની ક્ષમતા અલગ અલગ હોય છે એ પણ એમણે સાત અલગ અલગ સ્ટુડન્ટસને ફૂટપટ્ટીઓના ફટકાર થકી સાબિત કર્યું - સમજાવ્યું... આઘાતના -એકશનના એકસ્ટ્રા પ્રત્યાઘાત - રીએકશન પણ આવી શકે છે એ પણ પેલા વિજ્ઞાન શિક્ષકે જણાવ્યું વાલીઓનો હોબાળો, બૂમરાડ, ફરિયાદ એ એકસ્ટ્રા પ્રત્યાઘાત હતા... પણ વાલીઓ શિક્ષકની ફૂટપટ્ટી ફટકાર પાછલનો આવો સારો શૈક્ષણિક હેતુ સમજ્યા વિના જ હોબાળો મચાવે તો શું કરવું ?

● ● ●

નકલી નોટો છાપતાં ઝડપાયેલા રાધારમણ સ્વામીના સમાચાર વાંચી લાગ્યું કે શું સંસારી કે શું સાધુ - મોંઘવારી તો સૌને નડે છે અને તેથી જ આ સ્વામીજીને વધારાની આવક મેળવવા આ ઉદ્યમ કરવો પડ્યો હશે... આપણેય નોકરીમાં કે એક ધંધામાં બે છેડા ભેગા ન થતા હોય તો સાઈડમાં બીજી ઈન્કમ ઊભી કરવા કંઈક કરતા જ હોઈએ છીએ ને...? બસ, એમ જ આ 'બાપજી' સવારસાંજ સત્સંગ સભા કરતા ને બપોર અને રાતના ફ્રી સમયમાં નોટો છાપતા હતા... એ એમની મૂળ પ્રવૃત્તિ -પ્રાથમિક ફરજમાં ચૂક નહોતા કરતા - નિષ્ઠાપૂર્વક સવાર-સાંજ એ બજાવતા ને એકસ્ટ્રા ટાઈમમાં જ આ 'એકસ્ટ્રા ઓર્ડિનરી એક્ટિવીટી' કરતા હતા બિચારા...

નોટો છાપવાનો ઉદ્યમ આદરવા પાછળ સ્વામીજીનો શુભાશય સ્વામિનારાયણ ભગવાનની સાથે મા લક્ષ્મી દેવીની આરાધના કરવાનો પણ ન હોઈ શકે? કદાચ દેશના અર્થતંત્રની નબળી દશા જોઈ, નોટો છાપી સરકારને સહાયરૂપ બનવાનો પણ સ્વામી રાધારમણનો પાક ઈરાદો હશે એમ લાગે છે... અરે, હા, નકલી નોટો છાપવાની જોખમી પ્રવૃત્તિમાં પડવા પાછળ 'સ્વામીજી' તો ઉમદા ઉદ્દેશ મંદી કે મોંઘવારીનો માર સહન કરતી ગરીબ પ્રજાને નોટો વહેંચીને મદદકર્તા થવાનો પણ હોય.... છેવટે તો 'સંત' છે. તે બીજાનાં દુ:ખ-દર્દ જોઈ હદય દ્રવી ઊઠે જ ને! ને તેથી જ કઈ રીતે મદદ કરવી એનો અભ્યાસ કર્યા વિના એમને શરૂ કરી દીધું !!

પણ કોની કોઈ કામગીરી પાછળનો હેતુ જોયા-જાણ્યા સમજ્યા વિના એની પાછળ પડી જવાનો માનવ સ્વભાવ છે તેશું થાય ?

● ● ●



હળવે હૈયે
પ્રકાશ લાલા

મહારાષ્ટ્રમાં ભાજપના સી.એમ. શ્રી દેવેન્દ્ર ફડનવીસે માત્ર ૮૦ કલાક સત્તા પર રહી રાજીનામું ધરી દીધું...

અરે, આ તો વિવિધ રેકોર્ડ બ્રેક કરવાનો અને વિવિધ વિક્રમો સર્જવાના શોખીન ભાજપાને મહારાષ્ટ્રમાં સૌથી ટૂંકા ગાળાના મુખ્ય મંત્રી - સી.એમ. તરીકેનો રેકોર્ડ નોંધાવવાનો હતો એટલે શ્રી ફડનવીસ પાસે રાજીનામું અપાવી દીધું... બાકી, કેટલાંય રાજયોમાં ગમે તે રીતે પોતાની સરકાર બેસાડવાનો રેકોર્ડ ભાજપના ખાતે બોલે જ છે ને... મહારાષ્ટ્રમાં ય એમ કરવું રમત વાત (!) હશે જ પણ ભાજપના આટલા કરોડ પ્રાથમિક સભ્યો નોંધાયા (સાચા કેટલા - બોગસ કેટલા કોણ ગણવા બેસવાનું છે, હેં!) અમારા નેતાના ટ્વિટ્સ ને ફેસબુક પર વિક્રમજનક ફોલોઅર્સ છે, આટલા દિવસો - અઠવાડિયાં - મહિનાના સુશાસનમાં આટલા બધી પ્રજાકલ્યાણલક્ષી યોજનાની જાહેરાતો વગેરે બાબતોમાં રોજ નવા વિક્રમો સર કર્યાની જાહેરાતોના શોખીન ભાજપ માટે મહારાષ્ટ્રમાં ય 'ખેલ' પાડવાનું કયાં અઘરું હતું ? પણ ત્યાં સૌથી ટૂંકી અવધીના સી.એમનો રેકોર્ડ તોડ્યો હતો એટલે પછી દેવેન્દ્ર ફડનવીસનો 'ખેલ' પાડી દીધો !!

● ● ●

'ગરમાગરમ - મસાલેદાર - તમતમતા તુવેરના ઠોઠા' ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. એવી જાહેરખબરો તો બરાબર છે પણ 'વિદેશી દારૂની બોટલો સાથે ખેપિયા ઝડપાયા' કે 'દૂધના ખાલી ટેન્કરમાં દારૂની બોટલોની હેરાફેરી કરતા ટ્રક ડ્રાઈવર-કંડકટર પકડાયા' એવા સમાચારોને શહેરમાં ફુલગુલાબી ઠંડીનો - શિયાળાનો અહેસાસ કરતા શહેરીજનો એ સમાચાર સાથે જોડી ન દેવા વિનંતી...!!